સંદેશ, પાના નં.૦૨, તા. ૧૨-૦૯-૨૦૨૪

### ટ્રાફિક મુક્તિઃ માત્ર ૩૫ રૂપિયામાં એક ઈન્ટરચેન્જ સાથે થલતેજ પહોંચાશે

# સોમવારથી મેટ્રો કનેક્ટ ટુ અમદાવાદ, ગાંધીનગરથી આશ્રમ રોડ ૪૦ મિનિટ

## PM મોદીના હસ્તે મેટ્રો ફેઝ- ૨માં ગાંધીનગર- ગિફ્ટ સિટી- મોટેરા કોરિડોરનું લોકાર્પણ

। ગાંધીનગર ।

ગાંધીનગરથી અમદાવાદને કનેક્ટ કરતા મેટ્રો ફેઝ-૨ કોરિડોરને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સોમવારે ખુલ્લો મુકવામાં આવશે. આ કોરિડોર શરૂ થતા મેટ્રો રેલ કનેક્ટિવિટી હેઠળ ગાંધીનગરથી અમદાવાદના આશ્રમ રોડ- જૂની હાઈકોર્ટ સ્ટેશને પહોંચતા માત્ર ૪૦થી ૪૫ મિનિટ થશે. ટ્રાફિક મુક્તિ અને વાહન ચલાવવાના માનસિક અને શારરિક શ્રમ વગર એક ઈન્ટરચેન્જ સાથે જૂની હાઈકોર્ટથી અમદાવાદ શહેરથી પૂર્વમાં અને નવરંગપુરાથી પશ્ચિમમાં છેક થલતેજ સુધી આવાગમન થઈ શકશે.

હાલમાં મેટ્રો રેલનું નેટવર્ક અમદાવાદ શહેર પુરતુ મર્યાદિત છે. ૧૬મી સપ્ટેમ્બરને સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો ફેઝ-૨ પ્રોજેક્ટમાં ગાંધીનગર સેક્ટર-૧થી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મોટેરા સુધીનો રૂટ કાર્યરત થશે. જેનો એક કોરિડોર ગિફ્ટ સિટી અને અમદાવાદને જોડશે. આ કનેક્ટિવિટીથી ગાંધીનગરથી વાસણા APMC સુધીનુ ૩૩.૫ કિલોમીટરનું અંતર માત્ર ૬૫ મિનિટમાં કપાશે. જેનું ભાડુ ૩૫ રૂપિયા થશે. આટલા ભાડામાં ગાંધીનગરથી થલતેજ વચ્ચે આવાગમન થઈ શકશે. સોમવારથી શરૂ થનારા મેટ્રો રેલના રૂટમાં અમદાવાદથી ગાંધીનગર વચ્ચે જીએનઅલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલથી ઈન્ફોસિટી તેમજ સેક્ટર-૧ના વિસ્તારોને આવરી લેવાયા છે. ૨૧ કિલોમીટરના આ રૂટના આરંભથી બંને શહેરો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત થશે અને નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બની રહેશે. આવનારા સમયમાં સેક્ટર-૧થી આગળ મેટ્રો રેલ સેવા સચિવાલય, અક્ષરધામ અને જૂના સચિવાલય, સેક્ટર- ૧૬ અને સેક્ટર-૨૪ થઈ મહાત્મા મંદિર સુધી પહોંચશે.

ઉલ્લેખનીય છે કે, વાસણા APMCથી ગાંધીનગર સેક્ટર-૧ વચ્ચે ૩૩.૫ કી.મી.ની મેટ્રોયાત્રા રૂ.૩૫માં ૬૫ મિનિટમાં પૂર્ણ થશે. તેની સરખાણી ટેક્સીથી કરીએ તો રૂ.૪૧૫ના ભાડા સાથે ૮૦ મિનિટ જેટલો સમય થાય છે. ઓટોરિક્ષામાં ભાડુ ૩૭૫ આસપાસ રહે છે. આ સ્થિતિમાં મેટ્રોનો સમય અને ખર્ચ બચતા રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર, ગિફ્ટ સિટી આસપાસના વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓને મોટી રાહત થશે.